**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૭૧ ટકા

# શહેરમાં દિવાળીની ઘરાકી ખુલતા બજારોમાં ભીડ

## શહેરીજનો વસ્ત્રો અને મિઠાઈ-ફરસાણથી માંડીને ઈલેકટ્રોનિકસ, કિચનવેર, ફર્નિચર, સુશોભન સહિત ઓટોમોબાઈલ માર્કેટમાં પણ ખરીદી કરવામાં વ્યસ્ત : ફટાકડાં બજારમાં ઘરાકી ખુલતાં હાશકારો

ગાંધીનગર, તા.૨૫

દિવાળી એટલે હર્ષ-ઉલ્લાસ અને આનંદનું પર્વ જેની સૌ કોઈ પોતાના પરિવાર, મિત્રો, સ્નેહીજનો સાથે ઉત્સાહપૂર્વક ઉજવણી કરે છે. દિવાળીના તહેવારોને પગલે ગાંધીનગરના બજારોમાં હવે ખરીદીનો માહોલ જામી રહ્યો છે અને શહેરના શોપીંગ સેન્ટરો તથા કોમર્શિયલ વિસ્તારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને શહેરમાં વસ્ત્રો, મિઠાઈ-ફરસાણ, ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓ, સુશોભનની ચીજવસ્તુઓ, ફટાકડાંની દુકાનો તથા ઓટોમોબાઈલ ક્ષેત્રે સારી એવી ઘરાકી વધવા પામી છે આ ઉપરાંત શહેરમાં સોના-ચાંદી બજારમાં પણ ધનતેરસના પગલે ભારે ચહલપહલ સાથે ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો.

કર્મચારીનગર તરીકે ઓળખાતા પાટનગરમાં સરકારે દિવાળી પર્વને પગલે કર્મચારીઓના બોનસ તથા પગારનું ચુકવણું વહેલું કરી દેવાતા બજારમાં મંદીનો માહોલ દૂર થવા પામ્યો છે. શુક્રવારે સાંજે શહેરના બજારોમાં ભીડ વધી જવા પામી હતી. શહેરના સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સે-૧૬માં મુખ્ય શોપીંગ સેન્ટર, સે-૧૧માં કોમર્શિયલ શોપીંગ કોમ્પલેક્ષ વગેરે ઉપરાંત સેકટર-૭, સેકટર-૬ અપનાબજાર, સેકટર-૨૪ અંબાજી ચોક, ઘ-૫ સર્કલ વગેરે ઉપરાંત ઈન્ફોસિટી, રિલાયન્સ ચોકડી, કુડાસણ, સરગાસણ ચાર રસ્તા સહિતના જુના નવા તમામ બજારોમાં ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. બજારમાં વધેલી ઘરાકીના પગલે શહેરના માર્ગો પર ટ્રાફિક જામમાં પણ વધારો થવા પામ્યો હતો. શહેરમાં સ્વીટ-ફરસાણ ઉપરાંત વસ્ત્રો, મોબાઈલની દુકાનો, ટીવી-ફ્રિઝ-વૉશીંગ મશીન જેવી ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓના શો રૂમ્સ, કિચનવેર, ફર્નિચર, વગેરેની દુકાનોમાં સારી એવી તેજી જોવા મળી હતી. આ સાથે શહેરના ઓટોમોબાઈલ શોરૂમ્સ, ઓટો એકસેસરીઝ, મોબાઈલ એકસેસરીઝ વગેરે વેપારીઓને પણ તડાકો પડી જવા પામ્યો છે. શહેરમાં મોટી સંખ્યામાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોનું વેચાણ થવા પામ્યું છે.

બીજી તરફ શહેરના ફટાકડાં બજારમાં પણ લાગેલું મંદીનું ગ્રહણ દૂર થયું છે અને શુક્રવારે બપોરથી ગ્રાહકોની સંખ્યામાં વધારો થવા માંડયો હતો જે સાંજ સુધીમાં ગ્રાહકોની ભીડમાં પરિવર્તિત થઈ જવા પામ્યો હતો. એ જ રીતે દિવાળીના સુશોભન માટે રંગબેરંગી લાઈટસની સિરીઝ, વિવિધ પ્રકારની રોશની વગેરેની ખરીદી પણ સારી એવી થઈ રહી છે. એકંદરે દિવાળી પર્વના દિવસોમાં બજારમાં તેજી જણાતા વેપારીઓને હાશકારો થવા પામ્યો છે.





### ઓનલાઈન શોપીંગના ડિલિવરી બૉયઝના ઓવરટાઈમ

છેલ્લાં કેટલાક વર્ષોથી વધેલ ઓનલાઈન શોપીંગના ચલણનો ટ્રેન્ડ અત્યારે પણ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં ગ્રાહકો ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. દિવાળીના તહેવારોના પગલે કરવામાં આવેલી ખરીદીના કારણે ઈ-કોમર્સના વેપારીઓ દ્વારા આ ઉત્સવના દિવસોમાં સમસયર ડિલીવરી પુરી પાડવા ખાસ કાળજી લેવામાં આવી રહી છે જેને પગલે ડિલિવરી બૉયઝમાં વધારો કરવા સાથે તેમની 'ઓવરટાઈમ' સેવાઓ પણ લેવામાં આવી રહી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

● **હાઉસફુલ ૪**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૧૦, ૧.૧૦, ૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૨૦

● **મેડ ઈન ચાયના**
૧૦.૩૦, ૪.૩૦, ૮.૩૦, ૧૦.૩૦

● **સાંડ કી આંખ**
૧.૨૦, ૫.૨૦, ૭.૨૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

● **હાઉસફુલ ૪**
૮.૩૦, ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૨.૨૦, ૩.૦૫, ૪.૩૫, ૬.૧૦, ૭.૪૦, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫

● **મેડ ઈન ચાયના**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૫૫

● **સાંડ કી આંખ**
૯.૪૦, ૧૨.૪૫, ૭.૨૫, ૧૦.૩૦

● **જોકર**
૧૧.૩૫

## ચિરવિદાય

● સ્વ. પટેલ બળદેવભાઈ કચરાભાઈ, ઉ.વ. ૭૭
● સ્વ. પંડયા ભૂપેન્દ્રભાઈ નવલશંકર, ઉ.વ. ૭૪


# દિવાળીના પગલે શહેરના માર્ગો પર ટ્રાફિક વધ્યો, ચક્કાજામ ઘટયા...!!

## શહેરમાં આ દિવાળીએ ટ્રાફિક સિગ્નલ્સના કારણે સર્કલો પર થતાં ટ્રાફિક જામમાંથી મુકિત મળી : આકરા દંડની બીકે બજારોમાં પણ આડેધડ પાર્કિંગમાં ઘટાડા સાથે વાહનચાલકોની ટ્રાફિક શિસ્ત વધી

ગાંધીનગર, તા.૨૫

દિવાળી પર્વનો પ્રારંભ થતા જ શહેરમાં ચહલપહલ વધી જવા પામી છે અને શહેરના માર્ગો પર વાહનોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. એક તરફ કર્મચારીઓના પગાર-બોનસ રિલીઝ થઈ જવાથી બજારોમાં ભીડ વધવા પામી છે જેને પગલે શહેરના માર્ગો પરનો ટ્રાફિક વધુ ગીચ બન્યો છે. સાંજના સમયે શહેરના અનેક સર્કલ પર ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળે તેવી સ્થિતિ સર્જાઈ હતી પરંતુ આ વર્ષે ટ્રાફિક સિગ્નલ્સની હયાતી સાથે નવા વાહનવ્યવહાર એકટના અમલને પગલે વાહનચાલકોની શિસ્તમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

દર વર્ષે દિવાળીમાં છેલ્લી ઘડી ખરીદીએ કરવા માટે બજારોમાં વધતી ભીડના પગલે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે જેમાં પાર્કિંગથી માંડીને નાના-મોટા ચાર રસ્તા, સર્કલો પર ટ્રાફિક જામ થવાની ઘટનાઓ સામાન્ય હતી. આ વર્ષે શહેરમાં ટ્રાફિક સિગ્નલ્સ નિયમિત રૂપે કાર્યરત કરી દેવાયા છે આ ઉપરાંત નવા વાહન વ્યવહાર અધિનિયમનને પગલે બેજવાબદાર ડ્રાઈવીંગ સાથે નડતરરૂપ પાર્કિંગ જેવી ઘટનાઓ પર વાહનચાલકોને મસમોટા દંડ ફટકારવામાં આવી રહ્યા છે. આ કારણે શહેરના બજારોમાં વાહનચાલકો પાર્કિંગ બાબતે સભાન બન્યાં છે અને રસ્તા પર નડતરરૂપ પાર્કિંગ કે રસ્તા પર આડેધડ ડ્રાઈવીંગ, રોંગ સાઈડ ડ્રાઈવીંગ કરતા ઓછા થયા છે તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે. વળી શહેરમાં આ વર્ષે ટ્રાફિક સિગ્નલ્સ પણ નિયમિત રૂપે કાર્યરત થઈ જવા પામ્યા છે જેને પગલે રાજમાર્ગો પર ટ્રાફિકનું ભારણ ખૂબ વધવા છતાં સર્કલો પર સર્જાતા ટ્રાફિક જામ કે ચક્કાજામની સમસ્યામાંથી મુકિત મળવા પામી છે. હા, ચાર રસ્તે રેડલાઈટ સિગ્નલને પગલે હવે માર્ગો પર વાહનોની લાંબી લચક કતારો લાગી જતા વાર નથી લાગતી અને લાઈનમાં થોડોક પણ પાછળ નંબર આવનારા વાહનચાલકોને બે વાર સિગ્નલ્સ રેડ-ગ્રીન થાય ત્યારે જ છુટકારો થવા પામે છે.



# આ દિવાળી કંઈક એવી ઉજવો, સૌના ચહેરે સ્મિત રેલાવો...!!




ગાંધીનગર, તા.૨૫

'ઘરસે મસ્જિદ હૈ બહુત દૂર,
ચલો યું કરે, કિસી રોતે હુએ બચ્ચે કો હંસાયા જાય.'

ભારતના મશહુર શાયર નીદા ફાઝલીનો આ ખૂબ જ પ્રખ્યાત શે'ર શહેરના સેકટર-૧૦-એમાં બીરસા મુંડા ભવન પાસે બનાવાયેલી 'સૌની દિવાલ'ને ખુબ લાગુ પડે છે. એમાં પણ અત્યારે દિવાળીનું પર્વ છે, આ પર્વ ખુશહાલી, આનંદ ઉત્સાહ અને ખુશીઓનું પર્વ છે, એકબીજા સાથે હળીમળીને મોજ કરવાનું આ પર્વ છે. જૂની ધૂળ સાથે જુની આળસ અને જુની ઘરેડ ખંખેરીને નૂતન વિચારો, નવા આત્મવિશ્વાસને સથવારે નવા ઉત્સાહને વધાવવાનું પર્વ છે દિવાળી એ અંતરના ઉજાસને પ્રગટાવી તેનો આંનદ ઉજવવાનું પર્વ છે. આ પર્વને સૌ કોઈ પોતાની પ્રસન્નતાને અલગ અલગ રીતે વ્યકત કરીને ઉજવે છે જેમ કે કોઈને નવા વસ્ત્રો પહેરવા ગમે છે તો કોઈને ફટાકડાં ફોડવા ગમે છે. કોઈને મિઠાઈ, ફરસાણ ખાવાનું ગમે છે. તો કોઈને બહારગામ ફરવા જવાનું પસંદ આવે છે. જો કે એક આખ્ખો એવો વર્ગ પણ છે જેને નસીબમાં દિવાળી ઉજવવાનું કોઈ કારણ નથી કેમ કે તેમને બે ટંક પેટનો ખાડો પુરાય તેટલું ભોજન મળશે કે નહી તેની ચિંતા સતાવતી હોય ત્યાં નવા વસ્ત્ર નવા પગરખાં, નવા રમકડાં કે મઠાઈ-ફરસાણ ખરીદવાનું તો તેઓ વિચારે જ કયારે?? આજ શ્રેષ્ઠ સમય છે આ 'સૌની દિવાલ'નો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો. આવો, આપણે આ દિવાલ આપણા નવા નહીં તો જુના વસ્ત્રો, પગરખાં, ફર્નિચર, રમકડાં કે અન્ય કોઈ ચીજવસ્તુ જેની હવે ખપ નથી તે મુકીએ. જેથી પેલો વર્ગ પણ 'દિવાળી' ઉજવી શકે... આખરે, કોઈકના ચહેરાં પર સ્મિત રેલાવવું, કોઈકને ખુશી આપવી એનાથી મોટી દિવાળી ઉજવવાની રીત બીજી કઈ હોઈ શકે? ખરું ને?

### ગાંધીનગર ખાતે ૮મીએ ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ટપાલસેવાના પ્રશ્નોના નિરાકરણ માટે સિનીયર સુપ્રિન્ટેન્ડેટ ઓફ પોસ્ટ ઓફીસિઝ ગાંધીનગર ડિવિઝન સે-૧૧ ખાતે તા. ૮મી નવેમ્બરના રોજ સાડા અગિયાર કલાકે ડાક અદાલતનું આયોજન કરેલ છે.

તા.૩૦મી ઓકટોબર સુધીમાં ટપાલ સેવાઓની લગતી ફરિયાદો મોકલી આપવા જણાવાયું છે. નીતિ વિષયક ફરિયાદો ડાક અદાલતમાં ધ્યાને લેવાશે નહિ તેમ પ્રવર અધિક્ષક ડાકઘરની અખબારી યાદીમાં જણાવેલ છે.

### બેસતાવર્ષે જલરામ મંદિર સે-૨૯ ખાતે સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

નૂતનવર્ષ દિવસ તા. ૨૮ ઓકટોબરના રોજ જલારામ મંદિર સે-૨૯ ખાતે સવારે ૯ થી ૧૧ દરમિયાન સ્નેહમિલન યોજાશે. સર્વે જ્ઞાતિજનો તથા શુભેચ્છકોનો સ્નેહમિલનમાં ભાગ લેવા સંસ્થાના પ્રમુખ સેવંતીલાલ ઠકકર તથા મંત્રી અશોકભાઈ પોપટ દ્વારા જણાવાયું છે.

### સેકટર-૧૩માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટરોમાં વાહનચોરોએ તરખાટ મચાવ્યો છે. વાહનચોર બિન્દાસ્ત રીતે વાહનચોરીને અંજામ આપે છે. શહેરમાં ચોર ઈસમો પોલીસને જેમ પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના સેકટર-૧૩માંથી તાજેતરમાં જ એકટીવાની ચોરી થવા પામી છે.ત્યારે ગણતરીના દિવસોમાં ફરીવાર સે-૧૩ ને ચોર ઈસમોએ ટાર્ગેટ બનાવ્યું છે. સેકટર-૧૩ બી પ્લોટ નં.૮૮૬-૧ ખાતે રહેતા યુવક હિરેન ઘનશ્યામભાઈ પટેલ (ઉં.વ.૨૬) સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સે-૨૩ ઓકટોબરના રોજ તેણે રાત્રે ૧૨ વાગે પોતાનું બાઈક જી.જે.૧૮.સી.એ.-૭૭૪૯ નંબરનું બાઈક ઘર આગળ પાર્ક કર્યું હતું. ત્યારબાદ યુવકને ઉંઘ ન આવતા તે જાગતો હતો તે દરમિયાન રાત્રીના પોણા બે વાગ્યાના અરસામાં બાઈક ચાલુ થવાનો અવાજ આવ્યો હતો. જેને પગલે યુવકે તાત્કાલીક બહાર આવીને જોયું તો બાઈક દેખાયુ ન હતું. જેથી તેણે બાજુમાં રહેતા મિત્ર સાથે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી, પરંતુ બાઈક મળ્યું ન હતું. જેથી યુવકે દ્વારા બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. સે-૭ પોલીસે બાઈક ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ભારતના સૌથી મોટા ઉત્સવ દિવાળીની આપણે ત્યાં ખૂબ ધામધૂમથી ઉજવણી થાય છે. કારીગરો અને શ્રમજીવીઓ વતન ભણી રવાના થાય છે અને પરિવાર સાથે દિવાળી અને નવા વર્ષની ઉજવણી કરે છે. જો કે ઘર પહોંચવાની ઉતાવળમાં તેઓ કયારેક બસ ઉપર જોખમી મુસાફરી પણ કરે છે. સેકટર-૬ના મેદાનમાં શ્રમજીવીઓને લઈ જતી મીનીબસમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે.

### ગાંધીનગરની મેડીકલ કોલેજમાં રોગચાળાને પગલે બે તબક્કામાં વેકેશન

ગાંધીનગર, તા.૨૫


ગાંધીનગર શહેરમાં હાલ રોગચાળાની સિઝનને પગલે ડેન્ગ્યુ તેમજ વાઈરલ બિમારીઓને પગલે વાહકજન્ય અને પાણીજન્ય બિમારીઓના દર્દીઓ ખાસ વધુ જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપર તેની સીધી અસર વર્તાઈ રહી છે. તહેવારના દિવસોનો પ્રારંભ થઈ ગયો છે તેમ છતા ૬૦૦ બેડની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ૬૦૦ બેડના સ્થાને વધુ માત્રામાં દર્દીઓ એડમીટ છે. આ પરિસ્થિતિમાં મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા તબિબિ શિક્ષકોને ૧૭ દિવસનું બે તબક્કામાં વેકેશન આપવામાં આવ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ તા.૨૪ ઓકટોબરથી ૮ નવેમ્બર સુધી પ્રથમ તબક્કાનું વેકેશન જયારે તા. ૯ નવેમ્બરના રોજ કોમન ડે રાખીને તા.૧૦ થી ૨૬ નવેમ્બર સુધી બીજા તબક્કાનું વેકેશન તબિબિ શિક્ષકોને આપવામાં આવ્યું છે. એક મહિનાના સમયગાળા દરમિયાન ગાંધીનગર સિવિલમાં ડોકટરોની ઘટ રહેશે. જો કે તહેવાર, વીઆઈપી ડ્યુટી અને વેકેશનને ધ્યાને રાખીને વેકેશનને ધ્યાનમાં રાખીને સિવિલના સત્તાધિશો તેમજ કોલેજના ડીન દ્વારા ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

### પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા.૨૫

પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા નૂતનવર્ષ નિમિત્તે તા. ૨૮ ઓકટોબરના રોજ સવારે ૯.૩૦ વાગ્યે લિમ્બચ માતાજીના મંદિર ખાતે મહાઆરતી કરવામાં આવશે. સર્વે ભાવિકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ કાંતિલાલ નાયી દ્વારા જણાવાયું છે.

# આજે કાળીચૌદશ અને શનિવારનો અનોખો સંયોગ



ગાંધીનગર, તા.૨૫

'જુગ સહસ્ત્ર જોજન પર ભાનુ!
લિલ્યો તાહિ મધુર ફલ જાનુ !!'

શનિવાર એ હનુમાનજીની ઉપાસનાનો દિવસ છે. જયારે કાળીચૌદશ પણ કોઈ પણ પ્રકારની સાધના ઉપાસના કરવા માટેનો શ્રેષ્ઠ દિવસ માનવામાં આવે છે. કાળીચૌદશ શનિવારે હોવાથી અદભૂત સંયોગ રચાયો છે. માટે જ આજનો દિવસ હનુમાનજીની ભકિત ઉપાસના કરવા માટેનો શ્રેષ્ઠ દિવસ બની રહેશે. શહેરના તેમજ આસપાસ સ્થિત હનુમાન મંદિરોમાં પણ ભાવિકોની ભીડ જામશે.

રહસ્યમય ગણાતી કાળીચૌદશની રાત્રીને રૂપચૌદશ, છોટી દિવાળી જેવા ઉપનામથી પણ ઓળખવામાં આવે છે. અમાસની આ રાત વધુ અંધારી હોય છે. આ શુભ ગણાતી રાત્રિના સમયમાં કરેલી ભકિત પૂજા-સાધના શુભ ફળ આપે છે.

કાળીચૌદશને લઈને એક ધાર્મિક માન્યતા અનુસાર હનુમાનજીએ આ દિવસોમાં સૂર્યે ફળ માનીને મુખમાં સમાવી લીધા હતા. એમના આ પરાક્રમને પરચો માની હનુમાજીની આ દિવસે પૂજા થાય છે સાથે શનિદેવ પણ પૂજાય છે.

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે આ દિવસે મહાકાળીજીએ રાક્ષસોનો સંહાર કર્યો હતો. એટલે આ દિવસે મહાકાળીજીનો મોટો મહિમા છે. વર્ષો જૂની પરંપરા મુજબ કાળી ચૌદશની રાત્રિના પ્રથમ પ્રહરે ઘરમાં રહી ગયેલા કલેષ, કંકાસ, કકળાટને વડાના રૂપે બહાર કાઢવાનો રિવાજ છે. શહેરીજનો પણ આ જ પરંપરાને અનુસરે છે.

